સુવિચાર
આપણે શું કરી રહ્યા છીએ ? અને શું નથી કરતાં ? તેની સમજ આવે ત્યારે ડહાપણની દાઢ ફૂટી ગણાય !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૬/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૧૫૨

## રાજુલા, ખાંભા, બાબરા, આંબરડી, લાઠી સહિતનાં વિસ્તારોમાં દે ધનાધન

# અમરેલી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘમહેર

**ગીરકાંઠાનાં ભાડ, નાના વિસાવદર, ઉમરીયા, નાનુડી સહિતનાં વિસ્તારમાં ધોધમાર**

**ખાંભા પંથકમાં ખેડૂતો કલાકોમાં જ વાવણીનાં શ્રીગણેશ કરશે**

**રાજુલાનાં નવી, જુની માંડરડી, ધારેશ્વર સહિતનાં ગામોમાં વરસાદ**

**બાબરાનાં ગળકોટડી, ખાખરીયા, દરેડ, જામ બરવાળા સહિતનાં ગામોમાં પણ વરસાદ**








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, ભાવિક કલસરિયા–ખાંભા, સુભાષ સોલંકી–આંબરડી

અમરેલી, તા. ૭

અમરેલીજિલ્લામાંગઈકાલે ભીમઅગિયારસના શુભ મુહૂર્તમાં મેઘરાજાએ પધરામણી કર્યા બાદ આજે સતત બીજા દિવસે જિલ્લાના ખાંભા, રાજુલા, લાઠી તથા બાબરા પંથકમાં બે ઈંચથી લઈ છૂટો છવાયો વરસાદ પડયો હતો.

આજે ખાંભા તાલુકાના ગીર પંથકના ગામડાઓમાં પવન સાથે વરસાદ પડયો હતો. જેમાં ગીરના ભાડ, નાના વિસાવદર, ઉમરીયા, નાનુડી, ધાવડિયા, લાસા સહિત આજુબાજુના વિસ્તારના ગામોમાં ધોધમાર વરસાદ અને ખાંભાના ગ્રામ્ય વિસ્તારમાં વાવણી લાયક વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

સારા વરસાદની રાહમાં રહેલા ખેડૂતો ખાંભા પંથકમાં આવતીકાલથી વાવણીના શ્રી ગણેશ કરશે. ખાંભા તાલુકાના નાના વિસાવદર અને ભાડ ગામની શેરીઓમાં પાણી વહેતા થયા હતા. જયારે નાના વિસાવદર ગામની સ્થાનિક નદીમાં પુર આવ્યા હતા. ત્યારે આ પ્રથમ બેટિંગમાં જ મેઘરાજાએ ખેડૂતોને ખુશખુશાલ કર્યા હતા.

રાજુલા પંથકમાં આજે

અનુસંધાન પાના ૬ ઉપર

તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે
અમરેલીથી માત્ર ૫ (પાંચ) કી.મી.દુર આવેલ રાજકોટ રોડ ઉપર, સ્ટેટ હાઈ-વે થી માત્ર ૭૦૦ મીટર દુર તૈયાર ફાર્મ હાઉસ વેચવાનું છે.
સાડા પાંચ વીઘા જમીન, ૧૫×૨૦ ની એટેચ સંડાસ બાથરૂમ સાથેની રૂમ, બે બોરવેલ, સબમર્સીબલ, ફુલ પાણી, ઈલેકટ્રીક લાઈટ કનેકશન, શેડ સાથેનું તૈયાર ફાર્મ હાઉસ વેચાણથી આપવાનું છે.
સંપર્ક : ૯૮૨૫૫ ૬૨૩૬૧

અમરેલીમાં દુકાન વેચવાની છે...
અમરેલીનાં સ્ટેશન રોડ પર, જિલ્લા પંચાયત સામે,સરદાર પટેલ કોમ્પ્લેક્ષમાં પહેલા માળે, દુકાન નં. F-31 વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૯૪૨૬૯ ૮૯૯૦૦
મો. ૭૦૧૬૮ ૩૭૧૩૭

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઇ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુદ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

આવતી કાલથી મંગલ પ્રારંભ
પ્રગતિએ મનુષ્યનાં અંતરમનની અતૃપ્ત ઝંખના છે.. એ ઝંખનાની પરિતૃપ્તિ માટે આવશ્યક છે. નિષ્ઠાભરી મહેનત,સાહસ અને મિત્રો સંબંધીઓ અને શુભેચ્છકો દ્વારા મળતી પ્રેરણાની હુંફ અને સહકાર, કુળદેવીશ્રી ઉમિયા માતાજીની અસીમ કૃપાથી, વડિલો તથા પૂર્વજોના પથદર્શનથી અમો
ઉમિયા પ્લાયવુડ
ના નવા રંગરૂપ રચનાથી નવા શો-રૂમનું મંગલ પ્રારંભ કરવા જઈ રહ્યા છીએ તો અમારા આ નવા સાહસના અવસરે આપના આશિષ તથા આગમનની પ્રતિક્ષા સાથે પાન ગુલાબ લેવા પધારવા અમારૂ હાર્દિક નિમંત્રણ છે.
તારીખ : ૦૯-૦૬-૨૦૨૫, સોમવાર.
સમય : સવારે ૯:૩૦ થી આપના આગમન સુધી
સ્થળ : માણેકપરા, લાતીબજાર, હોટલ નેપ્ચ્યુન ઈન ની બાજુમાં, અમરેલી
: સહયોગી ફર્મ :
આશાપુરા ફર્નિચર, અમરેલી
પોકાર માર્બલ ઈન્ડસ્ટ્રીઝ, અમરેલી
પોકાર સિરામીક, અમરેલી
: નિમંત્રક :
મુળજીભાઈ વાલજીભાઈ પોકાર
માધવજીભાઈ વાલજીભાઈ પોકાર
લાલજીભાઈ વાલજીભાઈ પોકાર
ગોપાલભાઈ વાલજીભાઈ પોકાર
મો.૭૦૧૬૬ ૨૧૯૫૭-૯૪૨૮૭ ૧૨૫૬૩
POKAR GROUP
: શુભાશિષ :
સ્વ.મરઘાબેન વાલજીભાઈ પોકાર ■ સ્વ. વાલજીભાઈ પ્રેમજીભાઈ પોકાર

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ ::
ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12
સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
જ્યાં વધે Advance Maths-Science, રીઝનિંગ English અને ની અપ ટુ ડેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે
અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
● Smart Board દ્વારા કલાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN-2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## દરિયાકાંઠાનાં શહેરમાં જ પીવાના પાણીની વિકરાળ સમસ્યા

# જાફરાબાદનાં અમુક વિસ્તારમાં એક મહિનાથી પાણી વિતરણ ઠપ્પ

### ‘‘નલ સે જલ’’ યોજનાની જાહેરાતો વચ્ચે શહેરી જનતાને પીવાના પાણી માટે વલખા મારવા પડે છે

### સામાકાંઠા વિસ્તારમાં રૂપિયા ૨૦૦થી ૩૦૦નો ખર્ચ કરીને પાણી વેચાતું લેવા શહેરીજનો મજબુર

### નગરસેવકો ચૂંટણીમાં હથેળીમાં ચાંદ બતાવીને મત લઈ ગયા બાદ દેખાતા નથી

### જિલ્લાનાં ઉચ્ચ અધિકારીઓ ગંભીરતા સમજીને સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ

જાફરાબાદ, તા. ૭

જાફરાબાદ ના સામાકાંઠા પીપળી કાંઠા વિસ્તારના અમુક વિસ્તારોમાં ૩૦ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નથી. હાલમાં માચ્છીમારી સીઝન સંપૂર્ણ બંધ હોય રસોઈથી લઈ ઘરકામ સુધી વપરાશમાં લેવાતું જીવન જરૂરિયાતનું પાણી મહિના દિવસ સુધી જવાબદાર પાલિકા દ્વારા વિતરણ કરવામાં આવ્યું નથી. મોટી મોટી ગુલબાંગો ફેંકા ફેંક કરતી જાફરાબાદની નેતાગીરી કયાં ગાયબ છે. નાગરિકો ડ્રેનેજ પાણીથી લઈને રોડ રસ્તા સુધીની અસુવિધાઓથી હેરાન પરેશાન પરંતુ જીવન જરૂરિયાત પાણીથી પણ પરેશાની વધી. તા. ૬/૫ થી સામાકાંઠા સાંઈ મંદિર



વિસ્તાર તેમજ અન્ય વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવ્યું હતું ત્યારથી લઈને તા. ૭/૬ સુધી જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવ્યું નથી. વોર્ડ નંબર ૩ માં અમુક એરિયામાં ૩૦ દિવસ થવા છતાં પાણી વિહોણા બન્યા લોકો પાલિકાને દરેક સ્તરે વેરા રૂપે ટેક્ષ ભરવા છતાં હાલત કફોડી બની એમાં પણ સામાકાંઠા વિસ્તારોમાં ડ્રેનેજ પાણી અવારનવાર રોડ ઉપર ચડતાં હોય છે. ઠેકઠેકાણે ઉકરડાઓ ખડકાયેલા જોવા મળી રહ્યાં છે ડોર ટુ ડોર ગાડીઓ અમુક સમયે જ આવતી હોય છે. તેમજ આ સામાકાંઠા વિસ્તારોમાં સાફસફાઈનો વેરો પાલિકા ૭૨ રૂપિયા લેવામાં આવી રહ્યા છે પરંતુ સાફ સફાઈ થતી નથી. હાલતો લોકો જીવન જરૂરિયાતનાં પાણી વિહોણા બન્યા છે અને ના છુટકે મસમોટી રકમ ખર્ચ કરી પાણીના ટાંકાઓ ઠાલવી રહ્યા છે. લોકો અજ્ઞાત હોવાથી લુંટાઈ રહ્યા છે. પાલિકા દ્વારા ૩૦ દિવસ થવા છતાં પાણી વિહોણા અમુક વિસ્તારો પરંતુ ચુંટાયેલા સભ્ય કયાં..?? જયારે પાલિકામાં સભ્ય તરીકે ચૂંટાવવા માટે ગલીએ ગલીએ અને સોસાયટીમાં મત મેળવવા માટે લોકોને અમે આવશું એટલે પાણીથી લઈને રોડ રસ્તાઓ તથા ડ્રેનેજ પાણીનું નિકાલ કરાવી આપશું તેવી અનેક ગુલબાંગો ફેંકા ફેંક કરી ગયા. હવે જીતી ગયા એટલે નાગરિકોના પ્રશ્નોનો નિકાલ કરવાના બદલે નિંદ્રાધીન બન્યા હોય તેવી લોકમુખેથી ચર્ચાઓ થઈ રહી છે. જાફરાબાદના સામાકાંઠા અમુક વિસ્તારોમાં ૮ દિવસે વિતરણ થતુ જીવન જરૂરિયાત પાણી હવે ૩૦ દિવસ સુધી પણ મળતું નથી. હાલમાં ભીમ અગિયારસ જેવા તહેવારોમાં પણ અમુક વિસ્તારો જીવન જરૂરિયાત પાણી વિહોણા બન્યા છે. પાણી બાબતે ફોન કરો તો વિતરણ કરે નહીં તો એની મરજી ૨૫ થી ૩૦ દિવસ થવા છતાં પણ બેજવાબદાર પાલિકા તંત્ર કરી રહી છે આંખ આડા કાન. જાફરાબાદના સામાકાંઠે આવેલ સાંઈ બાબા મંદિરના વિસ્તારોમાં ઘણા સમયથી પાણી વાપરવા માટે તથા પીવાના પાણી માટે લોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. ૩૦ દિવસ થવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નથી. લોકો ના છુટકે ૨૦૦થી ૩૦૦ ખર્ચીને પાણીના ટાંકા મંગાવી રહ્યા છે. પાલિકાને પાણી વેરો આપવા છતાં પણ જીવન જરૂરિયાતનું પાણી મળતું નથી. નળ ન આવતા પાણી માટે લોકો વલખાં મારી રહ્યા છે પરંતુ પાલિકાની અણઆવડતના કારણે લોકોમાં રોષ ભભુકી રહ્યો છે. પરંતુ ચુંટાયેલા સભ્યો નાગરિકોને પડતી હાલાકીનો નિકાલ કરવાને બદલે નિંદ્રાધીન બન્યા હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. અમુક વિસ્તારો પાણી વિહોણા અને પાણી વિના તરસી રહ્યા છે. સાંઈ મંદિર વિસ્તાર તથા અન્ય વિસ્તારોમાં સમયસર પાણી વિતરણ કરવામાં આવતું નથી. મહિના દિવસ સુધી જીવન જરૂરિયાત પાણી ન મળતાં મહિલાઓ રણચંડી બની પાલિકાનો ઘેરાવ કરવા સુધીની યોજના ગણાય રહી છે. આ બાબતની ગંભીરતા પાલિકા ધ્યાન ઉપર લેશે કે પછી હોતા હૈ, ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે..??

આ બાબતે વોર્ડ નંબર ૩ તથા અન્ય વોર્ડની જનતા જનાર્દન જીવન જરૂરિયાતનું પાણી તથા અન્ય સુવિધાઓથી વંચિત હોય અનેક હાલાકી ભોગવવી રહ્યા છે.

---

### આંબરડી ગામે ૩ દિવસ બાદ ફરી એકવાર ત્રાટકયા ૩ સિંહો

## એક સિંહણ, બે ડાલામથ્થા સિંહોએ રહેણાંક ઘર સામે જ શિકાર કરી મિજબાની માણી

### સવારે પાંચ વાગ્યે બે વાછરડાનો શિકાર કરતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૭

અમરેલી પંથકમાં વધુ એકવાર શિકાર માટે સિંહો ગામમાં ઘૂસી આવવાના બનાવો પ્રકાશમાં આવી રહ્યાં છે. ત્યારે સાવરકુંડલાના આંબરડી ગામે આજે વહેલી સવારે પાંચ વાગ્યે શિકાર માટે બે ડાલામથ્થા સિંહો અને એક સિંહણ ગામમાં ઘૂસી આવ્યા હતા. બે વાછરડાનો શિકાર કરી સિંહોએ ત્યાંજ શિકારની મિજબાની માણી હતી. સિંહો આવતા ગામના ચોકમાં આરામ ફરમાવતી ગાયોમાં ભાગદોડ મચી ગઈ હતી. સિંહણે બે વાછરડાનો શિકાર કર્યો હતો અને મિજબાની બે ડાલામથ્થા સિંહોએ માણી હતી. હજુ ત્રણ દિવસ પહેલા જ આંબરડી ગામે એક સિંહણ શિકાર માટે ગામમાં ઘુસી હતી. જોકે વહેલી સવારનો સમય હોય કોઈ અવાર જવર નહિ હોવાથી સિંહોએ ગોબરભાઈ સોજીત્રાના ઘરના ડેલા પાસે શિકાર કર્યો હતો, તો બીજા અન્ય એક વાછરડાને શાકમાર્કેટ નજીક સિંહણ મોમાં લઈ ફગવતી ગઈ હતી, ફરી ત્રણ સિંહો ગામમાં ઘૂસી આવતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયેલ જોવા મળ્યો હતો.

---

### આપણી ગુજરાતીમાં કહેવત છે કે શંકાનું કોઈ ઓસડિયુ હોય નહી

## પત્ની પરપુરૂષ સાથે વાત કરતી હોવાની શંકાનાં આધારે પતિએ ગળુ દબાવી હત્યા કરી નાખતા ચકચાર મચી

### અમરેલીનાં વાંકીયા ગામે બનાવ બનતા ૭ માસનો દીકરો અનાથ બન્યો

અમરેલી, તા. ૭

આપણી ગુજરાતીમાં કહેવત છે કે શંકાનું કોઈ ઓસડિયુ (દવા) ના હોય ત્યારે શંકા કુશંકા માણસની જિંદગી બરબાદ તો કરે છે અને તેના માઠા પરિણામ બીજાને પણ ભોગવવા પડે છે. આવો જ એક બનાવ અમરેલી તાલુકાના વાંકીયા ગામે રહેતા એક પરપ્રાંતિય પતિએ પોતાની પત્ની બીજા કોઈ પુરૂષ સાથે વાત કરતી હોવાની શંકા–વહેમ રાખી પોતાની પત્નીનું ગળું દબાવી હત્યા કરી નાંખતા માતાનું મોત થતાં અને પિતા હત્યાના બનાવમાં જેલમાં જશે એટલે પોતાનો ૭ માસ દીકરો અનાથ બની ગયેલ છે. આરોપીની પોલીસે અટકાયત કરી લીધેલ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના અમનકુવા ગામે રહેતા મંગલીયાભાઈ લચ્છુભાઈ વસુનીયા નામના ૪૨ વર્ષિય ખેતમજુરની દીકરીએ દોઢેક વર્ષ પહેલાં મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના કાકડબારી ગામે રહેતા સંજય અનેસિંગભાઈ મોહનીયા સાથે પ્રેમ લગ્ન કરેલા હતા અને તે છેલ્લા થોડા સમયથી



અમરેલી તાલુકાના વાંકીયા ગામની સીમમાં અલ્પેશભાઈ લાલજીભાઈ સાવલીયાની વાડીમાં પોતાની પત્નિ અને ૭ માસના દીકરા સાથે રહી ખેત મજુરી કામ કરે છે અને તેમને સંતાનમાં ૭ માસનો દીકરો પણ છે. આરોપી સંજય અનેસિંગભાઈ મોહનીયા પોતાની પત્નિ રેખાબેન (ઉ.વ. ૨૦) બીજા કોઈ પુરૂષ સાથે વાત કરતી હોવાની શંકા–વહેમ રાખી તા. ૬ ના રોજ સવારે ૫ વાગ્યા પહેલા ગળું દબાવી હત્યા કરી નાંખી હતી.

આ બનાવ બાદ આરોપી જમાઈએ પોતાના સસરાને ફોન કરી તમારી દીકરી રેખાને મેં ગળું દબાવી હત્યા કરી નાંખ્યાનું જણાવેલ હતું. જેથી મૃતક રેખાબેનનો પરિવાર મધ્યપ્રદેશથી વાંકીયા આવેલ હતા અને મૃતક રેખાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે થઈ ભાવનગર ખસેડાયેલ છે.

આ બનાવમાં મૃતક રેખાબેનના પિતા મંગલીયાભાઈ લચ્છુભાઈ વસુનીયાએ પોતાના જમાઈ સામે પોલીસમાં ફરિયાદ આપતા અમરેલી તાલુકા પોલીસે આરોપી સંજય અનેસિંગભાઈ મોહનીયાની અટકાયત કરી પુછપરછ કરતાં તેમણે પોતાનો ગુન્હો કબૂલ્યો હતો.

---

### રાજય કક્ષાએ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ અંતર્ગત કામગીરી બદલ

## અરે વાહ : અમરેલી જિલ્લા તમાકુ નિયંત્રણ સેલને ‘‘ઓવરઓલ એકસેલન્સ એવોર્ડ’’ એનાયત કરાયો

### જિલ્લા કલેકટર અજય દહિયા અને ડીડીઓ પરિમલ પંડયાનાં માર્ગદર્શન હેઠળ શ્રેષ્ઠ કામગીરી

અમરેલી, તા. ૭

રાષ્ટ્રીય તમાકુ નિયત્રંણ કાર્યક્રમ હેઠળ ગાંધીનગર ખાતે ૬ જુનના રોજ ૩૩ જીલ્લાના કાઉન્સેલર અને સોશ્યલ વર્કરની તમાકુ નિયંત્રણ કામગીરીની સમીક્ષા હેતુ એક દિવસીય વર્કશોપ કમ રીવ્યુ મીટીંગનું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા તમાકુ નિયત્રંણ સેલ અમરેલી દ્વારા વ્યસનમુક્મિા ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઓવરઓલ એકસેલન્સ એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ.



રાષ્ટ્રીય તમાકુ નિયત્રંણ કાર્યક્રમ (એન.ટી.સી.પી.) હેઠળ જીલ્લામાં તમાકુ નિયંત્રણનાં પ્રયાસોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમજ કાર્યક્રમની માન્યતા પ્રાપ્ત મુખ્ય પહેલોમાં એકંદર શ્રેષ્ઠતા અને સમર્પિત અમલીકરણ માટે અમરેલી જીલ્લાના કાઉન્સેલર રિયાઝભાઈ મોગલ અને સોશ્યલ વર્કર નરેશભાઈ જેઠવાને રાજય કક્ષાના અધિકારીઓની હાજરીમાં ઓવરઓલ એકસેલન્સ એવોર્ડથી સન્માનીત કરવામા આવ્યા.

અમરેલી જીલ્લામાં વ્યસનમુકિત અંગે જાગૃતિ લાવવા માટે દરેક તાલુકામાં ટોબેકો નિષેધ રેલી, ૩૧૪ જાહેર આરોગ્ય સંસ્થા ખાતે ૫૯૪૨ લોકોએ વ્યસનમુકિતના સંકલ્પો, તમાકુ નિયંત્રણ અધિનિયમ હેઠળ ૧૯૪૩ કેસો કરી ૧૯૦૯૨૫ના દંડની વસૂલાત, ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન અંતર્ગત જીલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં સ્મોક ફ્રી વિલેઝનો ઠરાવ પસાર કરાવ્યો, ૭૭૫ શૈક્ષણિક સંસ્થાઓમાં તમાકુ મુકત શૈક્ષણિક સંસ્થાની અમલવારી તેમજ તાજેતરમાં વિ તમાકુ નિષેધના દિવસે છેવાડાના માનવી સુધી વ્યસનમુકિત અંગેનો સંદેશો આપવા સહિતની કામગીરીમા તમાકુ નિયત્રંણ સેલ અમરેલીને સફળતા મળતા એવોર્ડ મળેલ.

કલેકટર અજય દહિયા અને જીલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની દેખરેખ હેઠળ જીલ્લા તમાકુ નિયત્રંણ સેલ દ્વારા કામગીરી કરવામાં આવતા સમગ્ર રાજયમાંથી અમરેલી જીલ્લાને ઓવરઓલ એકસેલન્સ એવોર્ડ મળતા આવનારા સમયમાં દરેક વિભાગના અધિકારીઓ, સામાજીક સંસ્થાઓ, અગ્રણીઓ અને લોકોને સાથે રાખી વ્યસનમુકિત અંગે વધારે સારી રીતે કામગીરી થઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવનાર હોવાનુ જીલ્લા તમાકુ નિયત્રંણ સેલ અમરેલી દ્વારા જણાવેલ છે.

---

### સામાજિક કાર્યકરે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

## અમરેલીનાં મુસ્લિમ વિસ્તારમાં રોડ, આંગણવાડી, બગીચા સહિતની સુવિધા આપવા માંગ

### આગામી દિવસોમાં ‘‘મહોરમ’’ હોય તે પહેલા કાર્ય કરવા માંગ

અમરેલી, તા. ૭

આગામી દિવસોમાં મહોરમ આવનાર હોઈ ત્યારે જયાંથી તાજીયા નીકળે છે તે તમામ રોડ તૂટી ગયેલ હોઈ જેમાં જૂની જેલ આરબવાડા મસ્જિદ. સિપાઈ જમાત ખાના વિસ્તાર ખાસ અનેક મુખ્ય રોડ કે જે તૂટી ગયેલ છે અને અનેક એવા પણ રોડ છે જે હજુ નવા બન્યા છે અને ગેરિંટી પિરિયડમાં હોઈ તે તૂટવા લાગ્યા છે તેની તપાસ કરી તાત્કાલિક



એજન્સી પાસે ફરીવાર રોડ બનાવવામાં આવે અને સંધી સોસાયટી, બાગે જહેરા, મણિનગર, મીની કસ્બામાં અનેક નવા રોડ હજુ બનાવના બાકી હોઈ તેને પણ તાત્કાલિક બનાવામાં આવે અને વોર્ડ નં. ૧ વોર્ડ નં. ૭માં આંગણવાડી બગીચાની પણ ખુબ જરૂર હોઈ તે પણ તાતકાલિક બનાવવામાં આવે તેવી અમરેલી ચીફ ઓફિસરને રજુઆત સામાજિક કાર્યકર જાવેદખાન પઠાણે કરી છે.

---

### બાતમીના આધારે પોલીસે કરી કાર્યવાહી

## ટ્રક ડ્રાઈવર સાથે મિલીભગત રચીને ડીઝલની ચોરી કરનાર ૩ ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૭

રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં અનેક નાની મોટી કંપનીઓ આવેલ હોય, જેના કારણે આ પંથકમાં ટ્રાન્સપોર્ટેશનનો વ્યવસાય મોટા પ્રમાણમાં ચાલતો હોય, ત્યારે કેટલાંક લોકો ટ્રક ડ્રાઈવર સાથે સેટિંગ કરી અને ટ્રકમાંથી ડીઝલ ચોરી કરતાં હોય, આ અંગે પોલીસને બાતમી મળતાં પોલીસે ત્રણ ઈસમોને રંગે હાથ ઝડપી લીધા હતા.

રાજુલા તાલુકાના ભાક્ષી–૨ ગામે આવેલ રામજી મંદીરની બાજુમાં રહેતા આરોપી મુનાભાઈ જીલુભાઈ ભુકણ તથા ધારી તાલુકાના ગીગાસણ ગામના વતની અને હાલ અમર હોટલમાં રહેતા જગદીશભાઈ ઉર્ફે મયુર પરશોતમભાઈ મકવાણા સાથે મળી રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામે આવેલ અમર હોટલે આવતા ટ્રકોના ડ્રાઈવરો સાથે મળી ટ્રકોમાંથી ડીઝલ કાઢી લઈ અને તે ડીઝલ બજાર કરતા ઓછી કિંમતે ખરીદી કરી અને પોતાની હોટલે સંગ્રહ કરી તે ડીઝલનો બજાર ભાવ કરતા ઓછા ભાવે વેંચાણ અર્થે રાખી બંન્નેએ સાથે પોતે ચોરી કરી/કરાવી ખરીદ કરેલ ડિઝલ પોતાના હવાલાવાળા બેરલમા સંગ્રહ કરી રાખેલ અલગ અલગ વાહનોમાં બજાર ભાવ કરતા ઓછી કિંમતે વેંચાણ અર્થે કોઈ પણ જાતના લાયસન્સ પરમીટ વગર અને માણસોની જીંદગી જોખમાય તે રીતે જવલનશીલ પદાર્થનો સંગ્રહ કરી બેદરકારી ભર્યુ કૃત્ય કરેલ હોય, તેમજ ગત તા.૫ ના રોજ રાત્રે ૧૧/૩૫ વાગ્યે આરોપી મુકેશભાઈ જીવનભાઈ ગુજરીયાએ પોતાના હવાલાવાળો કન્ટેનર ટ્રક નં. જીજે–૧૪–એકસ–૮૧૩૬ અમર હોટલે ડીઝલ કઢાવવા માટે લાવી ટ્રકના માલીક સાથે વિસધાત કરી ડિઝલની ચોરી કરી–કરાવી આરોપીઓએ ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરતા હોય આ અંગે રાજુલા પોલીસે રેઈડ દરમ્યાન એક પ્લાસ્ટીકની કેપ્સુલ ડીઝલ લીટર ૨૦ કેપ્સુલ સહીત કિમત રૂપિયા ૧૮૧૦ તથા એક ડીઝલ ભરેલ વાદળી કલરનુ બેરલ જેમા ડીઝલ લીટર ૧૮૦ બેરલ સહીત કિમત રૂપિયા ૧૬,૩૦૦ તથા એક વાદળી કલરનુ ખાલી બેરલ કિમત રૂપિયા ૧૦૦ તથા એક પ્લાસ્ટીકની પાઈપ કિમત રૂ ૫૦ મળી કુલ કિમત રૂપિયા ૧૮,૨૬૦ ના મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### પરવાના વગરના હથિયારો રાખવાના કેસમાં

## રાજકોટ : આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા એડવોકેટ જે.આર. વાળા

### એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો

અમરેલી, તા. ૭

રાજકોટમાં ડીસીબી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નંબર ૧૫/૨૦૧૪થી ગુન્હો દાખલ કરેલ જેમાં આરોપી તરીકે ઉદયભાઈ ખુમાણની અટક કરવામાં આવેલ જે કામે પૂરતા પુરાવાઓ એકત્ર કરી નામદાર કોર્ટમાં પોલીસ દ્વારા ચાર્જસીટ રજૂ કરેલ જે કામે ફરિયાદી, પંચો, સાહેદો સરકારી શાહેદો તથા કેસના તપાસ કરનારને તપાસતા આરોપીનો નિર્દોષ છુટકારો કરતી એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ.



# સન્ડે સ્વીટ્સ

# અમરેલી એક્સપ્રેસ

તા.૦૮–૦૬–૨૦૨૫


**પ્રકરણ.. ૨૩૮ – ૧૯૬૪**

**અગર મુજ સે.મુહબ્બત..હૈ..મુજે સબ..અપને ગમ.દે દો...અગર..**
**યહી હૈ તમન્ના. તેરે ઘર.. કે સામને.. મેરી.. જાન.. જાયે..મેરી જાન..**
**છેડો ના મેરી.ઝૂલફે..સબ લાગ કયાં કહેંગે.. હમ કો દિવાના તુમ કો..**

**પ્રિય વાચક મિત્રો,**

બકરી ઈદના તહેવારની હાર્દિક શુભકામનાઓ સાથે, વડ સાવિત્રી પુનમની શુભકામનાઓ સાથે ૧૯૬૪ના ફિલ્મી સફરમાં આજે ધર્મેન્દ્ર અને કિશોર કુમારની ફિલ્મોની વાત કરીશું. ધર્મેન્દ્ર માટે ૧૯૬૪ એ સફળતાના દ્વાર ખોલી આપ્યા છે, તેમની બે ફિલ્મો સુપર હિટ ફિલ્મોમાં સામેલ છે, એક ફિલ્મએ યુદ્ધ પર આધારિત હિન્દી સિનેમાની યાદગાર યુદ્ધ ફિલ્મ પૈકીની એક છે, એક ફિલ્મમાં ધર્મેન્દ્રનો ખલનાયકનો રોલ છે, આમ જોઈએ તો ધર્મેન્દ્ર એ ૧૯૬૩માં પણ સફળ રહ્યા હતા, તેમની ટોપ ટેનમાં ફિલ્મો ૧૯૬૩માં પણ હતી, પણ તે ફિલ્મો અભિનેત્રી નુતન, અને અશોક કુમારના નામે ચાલી હતી. ધર્મેન્દ્રનો ચાહક વર્ગ વધતો જતો હતો, તેઓ એક તરોતાજા યુવાન રૂપે ઊભરી રહ્યા હતા, ખાસ ફુલ સાઈઝ શર્ટના કોણી સુધીની ચડાવેલ બાયો (આપણાં કાઠિયાવાડી ભાષામાં)તે




સમયથી ૭૦ના અંત સુધી લોકપ્રિય રહી હતી. યુવાનો ધર્મેન્દ્રની જેમ બાયો ચડાવી ફરતા જોવા મળતા હતા.

આજની ફિલ્મોએ પારિવારિક ફિલ્મો છે, વૃદ્ધાશ્રમ કે દીકરાનું ઘરએ ૧૯૬૦ના દસક પહેલાથી ચાલી આવતી સામાજિક બીમારી છે, બીમારી એટલા માટે છે કે, જે વૃદ્ધ દંપતીના સંતાનો છે, અને છતાં તેઓ વૃદ્ધાશ્રમમાં રહેતા હોય તો તે સમાજ અને જે તે પરિવાર માટે સારી બાબત નથી. પરિવારએ સામાજિક રીતે આધારભૂત પરિબળ છે, મોટાભાગના કિસ્સામાં જયાં સુધી પુત્રના લગ્ન ના થયા હોય ત્યાં સુધી તે તેના માતા–પિતા અને પરિવાર સાથે રહેતો હોય છે, પણ લગ્ન બાદ કઈક પરિવારમાં એવું બને છે કે માતા–પિતા અને સંતાન અલગ થાય છે, સયુકત પરિવાર વિખાય જાય છે, અમુક સમયે માતાનું શરીર વધુ કામ કરતું નથી, પિતાની આવક ઓછી થાય અથવા બંધ થાય, તે પરિવારની આર્થિક સ્થિતિ બદલાવે છે, પણ તેમ છતાં, માતા–પિતાનું પાલન કરવું, જેમ તેમણે તેના સંતાનોનું પાલન કરેલ છે, તે યાદ રાખવું જરૂરી બનતું હોય છે, પણ અમુક સમયે આવું બનતું નથી, અને હમેશા સંતાનો માટે જ જીવતા વૃદ્ધ દંપતી અલગ રહેવા લાગે છે, અથવા વૃદ્ધાશ્રમનો સહારો લે છે. હું પુત્રવધૂ માટે ખરાબ લખી નથી રહ્યો, ઘણા કિસ્સામાં માતા કે પિતાના સ્વભાવ પણ આ આ પરિસ્થિતી માટે જવાબદાર હોય છે. આજની ફિલ્મમાં વૃદ્ધાશ્રમની વાત નથી પણ એક કમાઉ દીકરા દ્વારા તેના માતા–પિતા અને પરિવારના સભ્યનું થતું અપમાન અહીં દર્શાવામાં આવ્યું છે. જોઈએ તે ફિલ્મ આપ કી પરછાઈયાં – મોહન કુમારના નિર્દેશન અને નિર્માણમાં, આ ત્રીજી હિન્દી સિનેમાની ફિલ્મ છે, મોહન કુમારની કહાની, કે એચ કાપડિયાની સિનેમા ઓટોગ્રાફી, રાજા મહનદી અલી ખાનના રચેલ ગીતો, મદન મોહનના મધુર સંગીતમાં, ધર્મેન્દ્ર, સુપ્રિયા ચોધરી, વિજયા લક્ષ્મી, સુરેશ, શશિકલા, મુમતાઝ બેગમ, લીલા ચિટનીસ, નાસિર હુસેન, મનોરમાં અને ઓમ પ્રકાશથી અભિનીત આ ફિલ્મ એવેરેજ રહી હતી. ટૂંકમાં કથા જોઈએ તો, ધરમ અને સુરેશ એ નાસિર અને લીલાના પુત્રો છે, સુરેશને નાસિર એક ડોકટર બનાવે છે, મધ્યમ વર્ગી પરિવાર હવે ઘરમાં ખુશી આવશે તેની રાહમાં છે, સુરેશના લગ્ન અમીર યુવતી શશિકલા સાથે થાય છે, પણ શશિકલાને વૃદ્ધ માતા પિતા અને ભાઈની જવાબદારી પસંદ નથી તે ઘર છોડવા સુરેશને દબાણ કરે છે, એક માત્ર સુરેશનો નાનો પુત્ર દાદા દાદી વગર રહી શકે તેમ નથી, પણ આ બંનેને અલગ ઘર જોઈએ છે. ધરમને




આ સ્થિતિમાં તેની પ્રેમિકા સુપ્રિયા મદદ કરે છે, ધરમના શહેર છોડયા બાદ સુરેશ તેના માતા પિતાની દરકાર પણ લેતો નથી, માતા ગરીબીમાં મૃત્યુ પામે છે, બાપ નાસિર અંધ બની ભિખારી જેવી હાલતમાં જોવા મળે છે, સુરેશના નાના પુત્રને દાદા અને દાદીનો વિયોગ સહન થતો નથી. તેના માટે સુરેશ તેના માતા પિતાને શોધવા જાય છે, પણ માતાના અગ્નિ દાહ સામે અંધ બાપને જોવે છે, પણ હમેશા સંતાનો માટે જીવતા માતા પિતા એવા નાસિરને તેના પૌત્રની તબિયત બાબત જાણ થતાં તે તેના માટે સુરેશ સાથે જાય છે, અંતે શશિકલા અને સુરેશને પસ્તાવો થાય છે, અને પરિવાર એક થાય છે. આ ફિલ્મમાં લતાજીના સ્વરમાં ગાયેલ ગીત, અગર મુજ સે મુહબ્બત હૈ.. એ યાદગાર મદન મોહન અને લતાજીના આલ્બમ પૈકીનું સુરીલું ગીત છે, સાથે રફી સાહેબના સ્વરમાં ધર્મેન્દ્ર પર ફિલ્મવાયેલ ગીત, યહી હૈ તમન્ના તેરે ઘર કે સામને.. રફી સાહેબના યાદગાર ગીત પૈકીનું એક છે. ફિલ્મ માત્રને માત્ર આ બંને યાદગાર ગીતોથી યાદ કરાય છે.

ગંગા કી લહેરે – દેવી શર્માના નિર્દેશનમાં અને નિર્માણમાં દેવી શર્માની કહાની, કેકી મિસ્ત્રીની સિનેમા ઓટો ગ્રાફી, મજરૂહ સુલતાન પૂરીની કલમના ગીતો, અને ચિત્રગુપ્તના મધુર સંગીત સાથે, કિશોર કુમાર, ધર્મેન્દ્ર, સાવિત્રી, કુમકુમ, અરૂણા ઈરાની, રેહમાન, અસિત સેન, ટૂન ટૂન અને બ્રહ્મ ભારદ્વાજ અને નાસિર હુસેનથી અભિનીત આ ફિલ્મ સફળના રહી. ફિલ્મના શૂટિંગ સમયે ધર્મેન્દ્રએ એક સફળ કલાકાર બની ગયા હતા, આમ જોઈએ તો કિશોર કુમાર એ એવા કલાકાર હતા, કે તેમની સાથે કોઈ બીજા નાયક હોય તો કિશોરનો લાજવાબ અભિનય અને




કોમેડી અન્ય નાયકને થોડા ઘણા અંશે ફિલ્મમાં તેનું કદ ઓછું તો કરી જ દેતા હતા. આ ફિલ્મમાં પણ કિશોર અને કુમ કુમની જોડી જે તે સમયે એક સફળ ફિલ્મ સાથે સફળ જોડી હતી, જયારે ધર્મેન્દ્ર સાથે નવી નાયિકા સાવિત્રી હતા. ફિલ્મ પણ કિશોરના પાત્રને અનુરૂપ હતી, ફિલ્મની કથા એવા પિતા પર આધારિત હતી, જે તેના સંતાનો પર તેની જો હુકમી ચલાવતા હતા, ધરમ એક ગરીબ યુવતી સાથે લગ્ન કરે છે, તો તેના અમીર પિતા તેને ઘરથી અને ધનથી દૂર કરી દે છે, તે તેની પત્ની, સાળી કુમકુમ અને એક બાળક સાથે ગરીબીમાં દિવસો પસાર કરે છે, તેના બાળકનો જીવ કિશોર બચાવે છે, અને કુમ કુમના સાથે પ્રણય દોરે બંધાય છે, કિશોરના અમીર પિતાને કિશોરના લગ્ન એક અમીર યુવતી અરૂણા સાથે કરવા છે, કિશોર તે લગ્નથી બચવા પોતે પાગલ હોવાનો ઢોંગ કરે છે, તેમાં તેની સારવાર માટે તેના પિતા કુમ કુમને નિયુકત કરે છે, ત્યાં સુધી કહાની બરાબર ચાલે છે, પણ પછી ધર્મની બીમારી, તેની પત્નીનો ઘર ત્યાગ, ડો. રેહમાનનો ફિલ્મમાં પ્રવેશ અને અંતે દરેકનું તેના પ્રેમી અને પરિવાર સાથે મિલન. આ બદલાતી વાર્તાના લીધે દર્શકો પરેશાન થાય છે. ફિલ્મમાં કિશોર કુમાર અને લતાજીના સ્વરમાં રચાયેલ ગીત, છેડો ના મેરી ઝૂલફે સબ લાગ કયાં કહેંગે યાદગાર ગીત પૈકીનું એક છે. કિશોર કુમારની નવી ગાયિકીનું ઉતમ ઉદાહરણ સમાન આ ગીત આજે પણ લતા–કિશોરના આલ્બમનું લોકપ્રિય ગીત છે.

બાગી શહેજા દા કિશોર કુમારની આ ફિલ્મ જે કિશોર કુમાર, કુમ કુમ, અનવર હુસેન, ઈન્દિરા, બ્રિજ મોહન, શ્યામ કુમારથી અભિનીત રહી. આ ફિલ્મ સફળ ના રહી.

મે ભી લડકી હું એ સી તિરૂ લોક ચંદરના નિર્દેશનમાં, બંગાળી ફિલ્મ પર આધારિત આ ફિલ્મમાં ચિત્ર ગુપ્તનું સંગીત હતું. ફિલ્મમાં ધર્મેન્દ્ર, મીના કુમારી, એવી એમ રાજન, પુજા લતા, ભગવાન દાદા, મનોરમાં, મોહન ચોટી, ઉમેશ શર્મા, ઓમ પ્રકાશ અને બલરાજ સાહનીએ કામ કર્યું હતું. ફિલ્મ એક પારિવારિક કથા પર આધારિત હતી, ધરમના લગ્ન મીના સાથે થાય છે, જે તેના અમીર પિતાને પસંદ નથી, તેની સાવકી માતા મનોરમાં ને તેના પતિની દોલતમાં જ નજર છે, પરિવાર વિખાય અને તે તમામ દેલત તે મેળવે તે જ તેની ખોટી દાનત છે, તે ધરમના ભાઈ રાજન અને મીના વચ્ચેના સંબંધોને પણ ખોટા રસ્તે લઈ જાય છે, બંને ભાઈઓમાં સંઘર્ષ અને પિતાની નજરમાં ઉતારી દેવાનું તેનું કામ છે. પણ બંને ભાઈઓને મીના ઘરને ફરી સંયુકત કરવાનું નક્કી કરે છે. અને સમય જતાં, તેના પિતાની આંખ ઊઘડે છે, કે તેની બીજી પત્ની જ સઘળા ઝગડાનું મૂળ છે, તે પરિવારની સામે બંને દીકરા અને પુત્ર વધુ મીનાને સન્માન આપે છે. ફિલ્મમાં મીના કુમારીનો લાજવાબ અભિનય છે. ફિલ્મ સફળ રહી ના હતી.ફિલ્મમાં ધર્મેન્દ્ર અને મીના કુમારી અહી પતિ પત્નીની ભૂમિકામાં છે, એક સમય એવો હતો કે હિન્દી સિનેમા માં એવી ચર્ચા હતી કે ધર્મેન્દ્ર અને મીના કુમારી વચ્ચે પ્રણય સમબન્ધો બંધાયા છે, પણ આ વાતને પૂરતું સમર્થન મળતું નથી. ધર્મેન્દ્રએ મીના કુમારીને હમેશા માન અને સન્માનની દ્રષ્ટિએ જોયા છે, તેવું તેમણે તેમની એક મુલાકાતમાં કહ્યું હતું. આગામી સમયમાં પણ આ જોડી ફરી રૂપેરી પરદે જોવા મળશે, જેમાં એક ફિલ્મમાં તેઓ ભાભી અને દેવરના પાત્રોમાં પણ દેખાશે. આગામી અંકમાં સુપર હિટ સંગીતમય ફિલ્મો સાથે મળીશું. આભાર

# * ભોજન ના સામાન્ય નિયમો *

પ્રાણીમાત્રના પ્રાણ અન્ન ઉપર નિર્ભર છે. આહારથી જ દેહ ટકે છે. બળ, આયુષ્ય, તેજ, ઉત્સાહ, સ્મૃતિ, ઓજ, જઠરાગ્નીનું સ્વાસ્થ્ય – આ બધું આહાર ઉપર જ નિર્ભર છે. (સુશ્રુત ચી.૨૮–૬૮), ગત સપ્તાહ આપણે ખોરાકનું પાચન કેવી રીતે થાય છે તે અને જઠરાગ્નીની ચર્ચા કરી, આ સપ્તાહે આપણે પાચનશક્તિ કેવી રીતે વધે તેની ચર્ચા કરીશું.

આજની ચર્ચા શરૂ કરતા પહેલા મારી પાસે એક ધીરૂભાઈ કરીને આવેલા દર્દીની વાત કરીએ. ધીરૂભાઈ મારી પાસે પાચન શક્તિ વધારવાની દવા લેવા આવ્યા હતા, ધીરૂભાઈએ મને જે ફરિયાદ કરી હતી તે આ પ્રમાણે હતી. પેટ આખો દિવસ ભારે લાગે, ખાટા – તીખા ઓડકાર આવે, ઝાડામાં દુર્ગંધ અને ચિકા, શરીરમાં સુસ્તી લાગ્યા કરે, મેં ધીરૂભાઈને તેની દિનચર્યા વિષે પૂછ્યું, તે રીયલ એસ્ટેટનું કામકાજ કરતા હતા , સવારે ૯ – ૦૦ વાગ્યે ઉઠવાનું, ઉઠીને નાસ્તો કરવાનો, નાસ્તો ભરપેટ કરવાનો અને હા ગાઠિયા થોડા રોજ જોવે, માવા અને ચાનું વ્યસન બપોરે જમવાના કાઈ ઠેકાણા નહિ, મેળ આવે તો જમે નહિ તો કોઈપણ નાસ્તો (સમોસા, ભજીયા, વડાપાઉં વી.) કરી લેવાનો અને રાત્રે ઘરે ૧૦ પછી ભરપેટ જમવાનું ...

મેં ધીરૂભાઈને કહ્યું બપોરે ઘરે જઈ થોડું જમી લેવું જોઈએ અને સાંજે વહેલા (૮ – પહેલા ) અને ઓછું જમવાની તમારે ટેવ પાડવી જોઈએ.. ધીરૂભાઈ મને કહે સાહેબ અમારા ધંધામાં ટાઈમનાં કાઈ ઠેકાણાનો હોય સાહેબ એવી દવા આપો કે ગમે તે અને ગમે ત્યારે ખાઈએ એ પચી જાય...

મિત્રો ધીરૂભાઈની વાત ઉપરથી એક વાત આપણે સમજી લેવાની જરૂર છે કે સમયનાં આયોજનનાં અભાવને લીધે જ આપણે આપણી દિનચર્યા (આહાર, નિંદ્રા, કસરત) અસ્તવ્યસ્ત કરી નાખતા હોઈએ છીએ અને જેને લીધે આપણને મોટાભાગની શારીરિક – માનસિક તકલીફો થતી હોય છે.

મિત્રો હકીકતમાં પાચન શક્તિ વધારવાની કોઈ દવાઓ આવતી જ નથી, સારી પાચનશક્તિ સ્વસ્થ દિનચર્યાને આધિન છે આગાઉનાં લેખોમાં આપણે દિનચર્યાની ચર્ચા કરી ચુકયા છીએ, તેથી અહી ફરીથી તેની ચર્ચા નહિ કરીએ.ખોરાકનું પાચન




બરોબર થાય તેના માટે આપણે શું – શું ધ્યાન રાખવું તેજોઈએ...

**માપસર જમવું :–** માપસરનો આહાર વાયુ, પિત અને કફને કોપાવતો નથી. તે ઉપરાંત આયુષ્યને વધારે છે. ખોરાક બરાબર પચીને મળ સહેલાઈથી ગુદા માર્ગે બહાર નીકળી જાય છે. શરીરની ગરમી કે જઠરાગ્નિ નો નાશ કરતો નથી. આયુર્વેદમાં હોજરીના ચાર ભાગ કરવાના કહ્યા છે, જેમાં બે ભાગ ઠોસ આહાર થી, એક ભાગ પ્રવાહી આહારથી અને એક ભાગ વાયુ, પિત અને કફ માટે ખાલી રાખવાનું કહ્યું છે. મતલબ કે ભુખથી થોડું ઓછુ ખાવું જોઈએ.

**માત્રાયુક્ત આહારનાં લક્ષણો :–** જેટલો ખોરાક ખાવાથી હોજરી ઉપર દબાણ ન પડે, હૃદયની ગતિમાં રૂકાવટ પેદાના થાય, પડખા ચીરાતા હોય તેવી વેદના ન થાય, પેટ ભારે ન લાગે, મન તથા ઈન્દ્રિયો પ્રસન્ન રહે, ભુખ અને તરસ શાંત થાય બેસવું, સુવું, ચાલવું, શ્વાસ – પ્રસ્વાસ, હસવું તથા વાતચીત વગેરે કરવામાં અનુકુળ તા રહે, સવારે ખાધેલું સાંજે અને સાંજે ખાધેલું સવારે બરાબર પચી જાય તથા બળ, વર્ણ અને શરીર વધે, તેને માત્રાયુક્ત ખોરાક કહેવાય.

**કેવો ખોરાક લેવો :–** મિત્રો લોકો અમને કાચું કેટલું ખાવું તેના વિષે ખુબ પૂછપરછ કરતા હોય છે, ઘણા લોકો એવું કરતા હોય છે કે ફક્ત કાચું જ ખાવાનો આગ્રહ રાખતા હોય છે જે બાબતે ખુબ મતમતાંતરો છે આ બાબતે લગભગ વર્ષ – ૨૦૦૪ની આસપાસ મેં આયુર્વેદના ભીષ્મ એવા સી.પી. શુકલ સાહેબને મેં પૂછેલું કે કાચું જ ખાવું જોઈએ તેનો જવાબ હતો કે આપણે ઉત્ક્રાંતિવાદથી ધીમે – ધીમે પશુમાંથી મનુષ્ય થયા છીએ, પશુઓને બે હોજરી હોય છે એટલે પહેલી હોજરીમાં કાચો ખોરાક પડયો રહે, પછી બેઠા – બેઠા ખોરાકને વાગોળે અને ખોરાકનું પાચન થાય, પણ મનુષ્યોમાં એક જ હોજરી હોવાથી બધું જ કાચું ખાવા નું પચશે નહિ અને વળી સાવ કાચો અને ફિક્કો ખોરાક (ગંધ, સ્વાદ અને દેખાવ વગરનો ખોરાક ) અરૂચિ પણ ઉત્પન્ન કરશે, મિત્રો આપણે જોયું છે કે ગરમ, સુગંધી અને મનગમતો ખોરાક જોઈને આપણી ભુખ ખુબ ઉઘડે છે, આવા ખોરાકથી આપણી લાળ ગ્રંથી સક્રિય બને છે, એટલે જ ભારતીય ભોજનમાં અથાણાનું ખુબ મહત્વ છે અથાણાને સંસ્કૃતમાં વ્યંજન કહેવામાં આવે છે આ ખાટા, ખારા, તીખા રસ વાળા અથાણાને જોઈને જ મોઢામાં પાણી આવી જાય છે (લાળ ગ્રંથીમાંથી ટાયલીન પાચક રચનો સ્ત્રાવ થાય છે ) આપણે હમેશા મધ્ય રસ્તો પસંદ કરવો જોઈએ, એટલે ફક્ત કાચું એકલું ના ખાવું, કે બધું જ રાંધેલું ન ખાવું. ખોરાકમાં બધું જ લેવું પણ માપમાં લેવું.

**કેટલાક સાધારણ નિયમો :**

(૧) ખોરાક બરાબર પચી ગયા બાદ ખાવું જોઈએ. પ્રથમ લીધેલો ખોરાક જયાં સુધી બરાબર પચી ન જાય ત્યાં સુધી ફરીથી જમવું ન જોઈએ.

**(૨) ખોરાક બરાબર પચી જવાના ચિહનો :–** શરીર હલકું લાગે, ઝાડા, પેશાબનો બરાબર ખુલાસો રહે, જઠરાગ્નિ પ્રદીપ્ત લાગે. જો પેટમાં ગડગડાટ થતો હોય, દુર્ગંધ વાછૂટ થતો હોય, ઓડકાર આવતા હોય, શરીર ભારેખમ લાગતું હોય તો ન ખાવું.

(૩) આપણને જે ખોરાક માફક આવતો હોય તે જ ખાવો. બીજો ખોરાક ચાહે તેટલો ગુણસંપન્ન હોય પણ તે આપણી પ્રકૃતિને માફક ન આવતો હોય તો ન ખાવો જોઈએ. કેટલાકને દૂધ માફક નથી આવતું તો કેટલાકને દહી માફક નથી આવતું. કેટલાકને આમલીની ખટાશ માફક નથી આવતી, કેટલાકને ભાત માફક નથી આવતો, કેટલાકને બાજરી જ માફક આવે છે, આમ ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા મનુષ્યોને ભિન્ન ભિન્ન વસ્તુ માફક આવે છે.

(૪) ભોજન પહેલા આદુની કચુંબર અને સિંધાલુણ ખાવું હિતાવહ છે. આથી જઠરાગ્ની પ્રદીપ્ત થાય છે. જીન્હા અને કંઠ શુદ્ધ થાય છે તથા ભોજનમાં રૂચિ વધે છે.

**ગરમ અને સ્નિગ્ધ ભોજન લેવું :–** સાધારણ ગરમ ખાવું જોઈએ, કારણ કે ગરમ ખોરાક જ સ્વાદ આપે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. જલ્દીથી પચે છે. વાયુનું અનુલોમન કરે છે અને કફને ઓછો કરે છે, પરંતુ રસોઈને ફરીથી ગરમ ન કરવી. સ્નેહયુક્ત એટલે ઘી – તેલવાળો ખોરાક લેવો જોઈએ. માપસર ઘી કે તેલવાળો ખોરાક સ્વાદ આપે છે. અગ્નિમાં ઘી હોમવાથી અગ્નિ વધુ પ્રજવલિત થાય છે તેમ જઠરાગ્ની પણ આવા સ્નિગ્ધ આહારથી પ્રજવલિત થાય છે. જલ્દી પચે છે વાયુનું અનુલોમન કરે છે. શરીરના બાંધાને મજબુત કરે છે.

**બહુ ઉતાવળે જમવું નહિ અને મન ચિંતાગ્રસ્ત હોય ત્યારે જમવું નહિ :–**

મિત્રો આપણે અગાઉ જોયું તેમ ખોરાક મોઢામાં જાય ત્યાં લાળ ગ્રંથીમાંથી પાચકરસો ભળે છે, ખોરાક નિરાતે ચાવી – ચાવી ખાવાથી લાળ ગ્રંથી વધુ સક્રિય થશે અને ખોરાક સાવ નાના કણમાં ફેરવાશે જેથી પાચન વધુ સરળ બનશે. મન તનાવ ગ્રસ્ત હોય ત્યારે આપણી અંતસ્ત્રાવી ગ્રંથિઓ બરાબર સક્રિય નથી હોતી તેવે વખતે જો ભોજન લેવામાં આવશે તો પાચકરસો બરાબર નહિ ભળે જેને લીધે ખોરાક યોગ્ય રીતે પાચન નહિ થાય, તેને બદલે મન પ્રસન્ન હોય ત્યારે, પોતાને મનગમતી જગ્યાએ, મનગમતો ખોરાક (શરીર માટે હિતકારક ) જમવો જોઈએ. અણગમતી જગ્યાએ કે અણગમતો ખોરાક ખાવાથી મનમાં ક્ષોભ, સંતાપ કે ઉદ્વેગ થાય છે, તેથી ખોરાકનું બરાબર પાચન થતું નથી.

(૫) આહારમાં જુદા – જુદા ખાદ્ય પદાર્થો હોવા જોઈએ જેમાં પ્રોટીન, ફેટ, કાર્બો હાઈડ્રેટ, ખનીજ ક્ષારો અને વિટામીન યોગ્ય માત્રામાં હોય તે રીતે ખોરાક લેવો જોઈએ. હમેશ એકને એક જાતનો ખોરાક લીધા કરતા ભિન્ન ભિન્ન જાતનો ખોરાક લેવાય તે સ્વાસ્થ્ય માટે હિતાવહ છે.

# **શિક્ષણનો અભિગમ**

વેકેશન પૂરૂં થઈ નવું સત્ર શરૂ થવાનું છે ત્યારે થોડી વાત શિક્ષક અને શિક્ષણ વિશે કરીએ. ક્ષણે ક્ષણ જે શીખવે તે શિક્ષક. જે માત્ર શાળાના વર્ગના ઓરડામાં નહીં પણ એ ઓરડાની બહાર પણ સૌ પ્રથમ શિક્ષક બનીને જીવે છે તે છે શિક્ષક. શાળાના આંગણામાંથી બાળક ભલે બહાર નીકળી જાય પણ જેના મન અને મસ્તિષ્કમાંથી વિદ્યાર્થી કે બાળક બહાર નીકળતું નથી. જેની પ્રત્યેક પળ એના વિકાસ અને વિસ્તાર માટે વિચારશીલ રહે છે તે છે શિક્ષક. અને આવા શિક્ષકો કમનસીબે આપણે ત્યાં બહુ જૂજ પ્રમાણમાં છે અને અનાયાસે જે મોટા પ્રમાણમાં શિક્ષકો છે તેમાં મોટાભાગે આવો શિક્ષક દેખાતો નથી. આપણે ત્યાં બે પ્રકારના શિક્ષકો છે એક આકસ્મિક સંજોગોથી બની ગયેલા શિક્ષક જેનું પ્રયેય પુસ્તકનો અભ્યાસક્રમ, નોકરીનો પગાર અને શિક્ષકને મળતા વિવિધ લાભ એથી વધારે વિકસી શકતો નથી. જયારે એક બીજા પ્રકારના શિક્ષક જે જીવથી શિક્ષકો હોય છે. જેનું લક્ષ્ય વિદ્યાર્થીનો વિકાસ, વિકાસ અને વિકાસ એ જ હોય છે. જેના માટે તે પ્રત્યેક પળે પોતાનો સ્નેહ, સમય અને જરૂર પડે સંપત્તિ ખર્ચવા પણ કટિબદ્ધ હોય છે. અને ખરેખર ખરા અર્થમાં શિક્ષિત અને સમજુ સમાજ માટે આ બીજા પ્રકારના શિક્ષકોની જરૂર વધારે છે. જે માત્ર પુસ્તકને નહીં બાળકને પણ ખોલી શકે અને વાંચી શકે. વાંચ્યા પછી સમજી શકે અને તેને વિકસાવીને વિસ્તારી શકે એવા શિક્ષક સમાજને ઉપકારક છે.આવા જીવથી શિક્ષક ખૂબ જૂજ પ્રમાણમાં જોવા મળે છે. એમને શિક્ષક તરીકેનું માન અને સન્માન મને અતિશય વ્હાલું હોય છે. જેની અંદર શિક્ષકનો જીવ છે તેને માત્ર શીખવવું ગમે છે. શિક્ષણ એજ જેનો મુખ્ય ઉદ્દેશ્ય હોય છે. અને વળી આ શિક્ષણ એટલે માત્ર ચોપડીમાંથી ભણાવે એજ નહીં પરંતુ આ શિક્ષણની પ્રક્રિયામાં બાળકની અંદર નવા નવા વિષયોને રોપવા, તેની કલ્પના શક્તિને ખીલવવી, તેની જ અંદર પડેલું તેનું કૌશલ્ય વિકસાવવું, તેની રૂચિ મુજબ તેને નવા રસ્તાઓ બતાવવા, એ રસ્તે ચાલવા પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન કરવું જોઈએ. શિક્ષણને સરળ અને સહજ બનાવી બાળકને તે શિક્ષણમાં રસતરબોળ કરવું એ શિક્ષકની જવાબદારી છે.જેનું ઉત્તમ ઉદાહરણ*




અમરેલી જિલ્લાના રાઘવભાઈ (રઘુ રમકડું) નામે જાણીતા શિક્ષક પૂરૂં પાડે છે.* આવા શિક્ષકો બાળકોને જીવનલક્ષી શિક્ષણ આપી તેનું વ્યક્તિત્વ સમૃદ્ધ કરે છે.. દરેક બાળકને આવું શિક્ષણ મળે તો તેનો યોગ્ય વિકાસ થશે. વિષય ગમે તે હોય એ વિષયને વિશિષ્ટ રીતે બાળકના ગળે ઉતારવોએ શિક્ષકની આવડત છે. માત્ર પુસ્તકોના પાનાઓમાં જ નહીં પણ ખરેખર જીવાતા જીવનમાંથી, આસપાસમાં પર્યાવરણમાંથી, પરિસ્થિતિમાંથી પણ બાળક ઘણું બધું શીખી શકે છે. અને એ જીવનના ખરા શિક્ષણને પામી શકે છે. ત્યારે એક શિક્ષકના જીવ તરીકે બાળકને એવું શિક્ષણ આપવું ખૂબ જોઈએ કે જેમાં બાળક કદાચ પુસ્તકના પાનાઓના અભ્યાસક્રમમાં થોડું આગળ પાછળ હોઈ શકે પણ આ જીવનના અભ્યાસક્રમમાં તે હિંમતભેર ઊભું રહી શકે. અને આવું શિક્ષણએ દરેક શિક્ષકની ફરજ છે. શિક્ષક તરીકે આપણા વિદ્યાર્થીઓ માત્ર પરિણામલક્ષી કે પરીક્ષાલક્ષી શિક્ષણ જ આત્મસાત કરે, ગોખણીયા જ્ઞાનથી ડિગ્રીના કાગળિયા માત્ર ભેગા કરે એ શિક્ષણ નથી. પરંતુ ખરેખર આ શિક્ષણના માધ્યમથી એક શિક્ષક પોતાના બાળકોમાં ઘણું બધું રોપી શકે છે. ત્યારે શિક્ષકની નૈતિક ફરજ બને છે કે તે પોતાના દુરાગ્રહો, પૂર્વગ્રહો કે હઠાગ્રહોને દૂર રાખી તટસ્થપણે બાળકને યોગ્ય હોય એવું મૂલ્ય અને માર્ગદર્શન તેના જીવનમાં રોપે. અને આ માટે 'શીખવે તે શિક્ષણને કેળવે તે કેળવણી' તો સમય બદલાતા હવે શિક્ષકની બેવડી જવાબદારી છે. તેને શિક્ષણની સાથે બાળકને કેળવણી પણ આપવાની છે ? મૂલ્યોનું મહત્વ સમજાવવાનું છે, સંસ્કાર અનેસંસ્કૃતિનો વારસો આપવાનો છે, ત્યારે શિક્ષકની જવાબદારી હવે ખૂબ વધી જાય છે. બદલાતા સમય સાથે શિક્ષકે આ જવાબદારી ઉપાડવી પડશે. આજના બદલાતા સમયના દૂષણો સામે બાળકોનો યોગ્ય વિકાસ કરવા બાળકોને ઉચ્ચ શિક્ષિત કરવા કરતાં વધારે જરૂરી છે. તેમને સુશિક્ષિત કરવા. કારણકે આ બંને પ્રક્રિયા અને પદ્ધતિમાં અંતર છે. ઉચ્ચ શિક્ષિત એટલે હાઈલી કવોલીફાઈડ પરંતુ સુશિક્ષિત એટલે વેલ કવોલીફાઈડ.તો શિક્ષણનો ઉદ્દેશ, આગ્રહ અને અભિગમ ઉચ્ચ શિક્ષિત કરતાં વધારે બાળકને સુશિક્ષિત કરે તેવો હોવો જોઈએ...

## ૮ જૂન, ''વિશ્વ મહાસાગર દિવસ''

# દરિયા સાથે દોસ્તી મારી, નદીઓ સાથે નાતો, છલાંગ મારતા ઝરણા સાથે હું ગીતો ગાતો –: સુરેશ દલાલ

દર વર્ષે ૮ જૂને સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા અધિકૃત રીતે ''વિશ્વ મહાસાગર દિવસ'' તરીકે મનાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત ૨૦૦૯થી થઈ છે, આ સંકલ્પની રજૂઆત ૮મી જૂન ૧૯૯૨નાં રોજ ' રિઓ દ્ જાનેરો' બ્રાઝીલમાં મળેલ પૃથ્વી સંમેલન (Earth Summit)માં, કેનેડા દ્વારા કરવામાં આવી હતી અને ત્યારબાદ દર વર્ષે આ દિવસને, અનધિકૃત રીતે, ''વિશ્વ મહાસાગર દિવસ'' રૂપે મનાવવામાં આવતો હતો. આ દિવસએ વિશ્વનાં મહાસાગરોનું સન્માન કરવાની તક રૂપે ઉજવવામાં આવે છે, મહાસાગરો દ્વારા પ્રાપ્ત વસ્તુઓ જેમકે સમુદ્રી ભોજન, સમુદ્રી યાતાયાત સુવિધાઓ અને અન્ય કેટલીયે કિંમતી સમુદ્રી જણસોની ઉજવણીરૂપે આ દિવસ મનાવાય છે. વૈકિ પ્રદુષણ અને માછલીઓનાં વધુ પ્રમાણમાં સંહારને કારણે કેટલીય સમુદ્રી પ્રજાતિઓ વિનાશનાં આરે પહોંચી ગયેલ છે. જેનાથી







સમુદ્રને બચાવવા માટેનાં પ્રયત્નો કરવા જરૂરી છે. પૃથ્વીનાં બે તૃતિયાંશ ભાગમાં પાણી હોવા છતાં અહીં શુદ્ધ પાણીનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે. વાયુ અને જળ જ પૃથ્વી પર જીવનનો આધાર છે. સમુદ્રથી ઘેરાયા હોવાને કારણે પૃથ્વીને 'વોટર પ્લેનેટ' પણ કહેવામાં આવે છે, પરંતુ હવે તેનું અસ્તિત્વ જોખમમાં છે. મહાસાગર ખાદ્ય સુરક્ષા, જૈવ વિવિધતા, પરિસ્થિતિ સંતુલન જેવી ચીજવસ્તુઓમાં પોતાની મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. દેશોનાં વિકાસ સાથે જ મહાસાગરોનું પ્રદૂષણ પણ ઝડપથી વધી રહ્યું છે. મહાસાગરોમાં વધતા પ્લાસ્ટિક પ્રદૂષણનાં કારણે મહાસાગર ધીમે–ધીમે ગંદા થઈ રહ્યા છે. તેનાથી દરિયાઈ જીવોનાં સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર પડે છે. તેઓ ભૂલથી પ્લાસ્ટિકને પોતાનું ભોજન સમજી લે છે જે તેમના માટે જીવલેણ નીવડે છે. દુનિયાની લગભગ ૩૦ ટકા વસતી દરિયા કિનારાનાં વિસ્તારમાં રહે છે અને તેમનું જનજીવન સમગ્રપણે સમુદ્ર પર નિર્ભર છે. આ ઉપરાંત વિનાં કેટલાય દેશની અર્થવ્યવસ્થાને પણ વેગ પ્રદાન કરવામાં મહાસાગરનું મોટું યોગદાન હોય છે. વિશાળ મહાસાગરથી પેટ્રોલિયમની સાથે જે અનેક સંસાધનો પણ પ્રાપ્ત થાય છે. વાતવરણમાં થતા ફેરફાર અને જળ વાયુ પરિવર્તનની માહિતી આપવામાં પણ મહાસાગરનું મહત્ત્વનું યોગદાન હોય છે, એટલા માટે તેનું સંરક્ષણ કરવું તે આપણા દરેકની જવાબદારી છે.

# બગસરામાં મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદની ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરામાં દર વર્ષે માફક આ વર્ષે પણ મુસ્લિમ સમાજ દ્વારા બકરી ઈદની નમાઝ અદા કરી બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારે ઈદ નમાજ પઢીને એકબીજાને ગળે મળીને ઈદ મુબારક પાઠવ્યા હતા બગસરામાં હિન્દુ મુસ્લિમ સમાજના લોકો વર્ષો થયા પોતાના ભાઈચારાની ભાવનાને લઈને વોટસએપમાં ફોન દ્વારા મુસ્લિમ સમાજ તથા હિન્દુ સમાજના એકસાથે ધંધા રોજગાર સાથે કરતા હોય ગળે મળીને અથવા ફોન દ્વારા ઈદ મુબારક પાઠવ્યા હતા બગસરા પોલીસ સ્ટેશનના પી આઈ સાલુ કે તથા પોલીસ સ્ટાફ દ્વારા બકરી ઈદ નિમિત્તે બગસરામાં યોગ્ય રીતે બંદોબસ્ત જાળવ્યો હતો.

## લીલીયા મોટા : રત્નકલાકાર પરિચય કાર્ડનો શુભારંભ કરતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા

લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટા ખાતે દિલીપભાઈ સંઘાણી સહકાર ભવન ખાતે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે તેમજ આવેલ મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી વિધિવત રીતે રત્ન કલાકાર પરિચય કાર્ડ વિતરણનો શુભારંભ કરાયો. આ રત્ન કલાકાર પરિચય કાર્ડથી સરકારની વિવિધ સુવિધાઓના ફાયદાઓ થવાના છે જેમાં મેડિકલ વીમો, હેલ્થ વીમા જેવી અનેક સરકારી સહાયના લાભો આ કાર્ડના માધ્યમથી આવનારા દિવસોમાં મળશે તેમજ આ પરિચય કાર્ડ કાઢવા માટે રત્ન કલાકારને માત્ર પાસપોર્ટ ફોટો, આધાર કાર્ડ, બેન્ક એકાઉન્ટ પાસબુકની જ માત્ર



જરૂર રહેશે. ત્યારે આ કાર્ડ કઢાવવું રત્ન કલાકારો માટે ખૂબ જ ફાયદાકીય છે. આ કાર્ડ કોઈ પોલીસ અધિકારી, કસ્ટમ ઓફિસર, ગવર્મેન્ટ અધિકારી આ કાર્ડની ચોકસાઈ કરી શકે છે જયારે કોઈ સામાન જેવા કે સોના, ડાયમંડ કાચો માલ, જવેલરી વગેરે લઈ જવામાં આ કાર્ડ આપની ઓળખ આપશે સાથે સાથે રત્ન કલાકાર કાર્ડ ધારકને ૩૫,૦૦૦નો મેડિકલ વીમો પણ મળવાપાત્ર છે. ખાસ આ રત્ન કલાકાર ઓળખ કાર્ડનો લાભ સમગ્ર જિલ્લાના તમામ કારીગરોના કાર્ડ ઈશ્યૂ થયા બાદ જેમ્સ અને જવેલરી વીમા કંપની સાથે ટાઈ અપ કર્યા બાદ જ મળવાપાત્ર થશે જેમની પણ રત્ન કલાકારોએ નોંધ લેવી. આ તકે વિસ્તારના તમામ રત્નકલાકાર ભાઈઓ વધુમાં વધુ કાર્ડ કઢાવી અને પોતાની ઓળખ આપે તેવો આગ્રહ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ ભુપતભાઈ ધામત દ્વારા વ્યકત કરાયો છે. આ તકે વિશેષ ઉપસ્થિત જિલ્લા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ લલીતભાઈ ઠુંમર, કાળુભાઈ સુવાગીયા, ભુપતભાઈ ધામત, પ્રગતિ બેંકના વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણી, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વિછીયા, કાનજીભાઈ નાકરાણી, સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, મનુભાઈ ડાવરા, ડો. કુંભાણી, ખોડાભાઈ માળવિયા, પરીન સોની તેમજ લીલીયા ડાયમંડ એસોસિએશનના તમામ સભ્યો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીગ્નેશભાઈ સાવજ દ્વારા કરવામાં આવેલ તેમજ કાર્યક્રમની આભાર વિધિ ભરતભાઈ ગરાણીયા દ્વારા કરવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ચલાલા : રઘુવંશી અગ્રણી મહેશભાઈ નગદીયા અમેરિકાના પ્રવાસે

ચલાલા, તા. ૭

ચલાલા રઘુવંશી અગ્રણી, અમરેલી ચેમ્બર ઓફ કોમર્સના પુર્વ પ્રમુખ, આર.કે.એમ. ના ઉપપ્રમુખ અને રઘુવંશી શૌર્ય સંગઠનના વરિષ્ઠ ઉપ પ્રમુખ અને ગુજરાત વેપારી મહા મંડળ ના અગ્રણી લાયન્ચ કલબ–રાજકોટના જોઈન્ટ સેક્રેટરી, ચલાલાના વતની અને હાલ અમદાવાદ રહેતા મહેશભાઈ નગદીયા તા. ૯/૬ના અમેરીકાના ચાર મહીના માટે પ્રવાસે જતા હોય. મહેશભાઈ નગદીયાને સગા, સંબધી સ્નેહીઓ, વેપારી મીત્રો, જ્ઞાતીજનો સહીત રાજકીય અને સામાજીક આગેવાનો દ્વારા અંભિનંદન અને શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

મહેશભાઈ નગદીયા તેમના ફેમીલી સાથે અમેરીકા જઈ રહ્યા છે. મહેશભાઈ અમેરીકામા ત્યાના વેપાર, ઉદ્યોગ, ઈન્ડસ્ટ્રીઝ, એજયુકેશન, મેડિકલ, ટેકનોલોજી સહીત સામાજીક



પરીસ્થિતી સહીત અહીથી જતા સ્ટુડન્ટ અને વેપાર ધંધાર્થે અને જોબ મેળવવા જતા ભારતીય નાગરીકોની ત્યાની સ્થિતી કેવા પ્રકારની છે. અને તેમા કઈ ત્રુટિ હોય તો ભારત સરકારમા રજુઆત કરી ભારતીય નાગરીકોને તેમા વધુને વધુ સુવીધા પ્રાપ્ત થાય તેવા હેતુથી અમેરીકાના પ્રવાસે જનાર હોવાનું જાણવા મળેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **મોટી કુંકાવાવ ગામની સીમમાં આવેલ**

રૂા. ૧૦,૮૦૦ તથા વ્હીસ્કી ૭૫૦ એમ.એલ. ની બોટલ નંગ–૨૬ કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ બોટલ નંગ–૬૬ની કુલ કિંમત રૂા.૨૫,૧૫૬ના મુદ્દામાલ રાખીને રેઈડ દરમ્યાન પકડાઈ જઈ તેમજ દારૂ રાજકોટ જિલ્લાના આટકોટ તાલુકાના સાણથલી ગામે રહેતા આરોપી યુવરાજભાઈ બાબુભાઈ વાળાએ આરોપી યોગીરાજ ભીખુભાઈ જેબલીયાને પહોંચાડયા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બીજા દિવસે મેઘમહેર**

અસહ્ય ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. રાજુલા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે નવી તથા જુની માંડરડી, ધારેર સહિત ગામોમાં પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

આ ઉપરાંત બાબરા અને લાઠી પંથકમાં વરસાદ શરૂ થવા પામેલ હતો. પ્રથમ બાબરા શહેરમાં ભર તડકામાં વરસાદ શરૂ થયો. બાદમાં ઢળતી સંધ્યાએ ધોધમાર ૨ ઈંચથી પણ વધારે વરસાદ ખાબકયો હતો. જેને લઈ બાબરાની બજારોમાં પાણી વહેતા થયા હતા. જયારે બાબરા તાલુકાના ગળ કોટડી, ખાખરીયા, દરેડ, જામબરવાળા સહિતના ગામોમાં પણ વરસાદ પડયો હતો અને વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામેલ છે.

અમરેલી જિલ્લા ડિઝાસ્ટર કચેરીમાં રાત્રે આઠ વાગ્યા સુધીમાં બાબરામાં ૫૩ મી.મી. તથા લાઠીમાં ૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

**ખાંભા**

ખાંભા ગીર પંથકના ગામડાઓમાં પવન સાથે વરસાદ પડયો હતો. ખાંભા ગીરના ભાડ, નાના વિસાવદર, ઉમરીયા, નાનુડી, ધાવડિયા, લાસા સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડતા ખાંભાના ગ્રામ્ય વિસ્તારમાં વાવણી લાયક વરસાદ પડતા ખેડૂતોમાં ખુશી જોવા મળી છે. આવતીકાલથી વાવણીના શ્રી ગણેશ કરશે અને વાવણીમાં જોતરાશે. નાના વિસાવદર અને ભાડ ગામની શેરીઓમાં પાણી વહેતા થયા અને નાના વિસાવદર ગામની સ્થાનિક નદીમાં પણ દ્રશ્ય સામે આવ્યા હતા ત્યારે આ પ્રથમ બેટિંગ જ મેઘરાજાએ ખેડૂતોને ખુશ ખુશાલ કર્યા હતા અને ખાંભા ગીરના ગામડાઓમાં સારા વરસાદ પડવાને પગલે જગતનો તાત ખુશખુશાલ.

**બાબરા**

બાબરામાં સમી સાંજે વાતાવરણમાં ફરી પલટો આવતા ઘટાટોપ વાદળો વચ્ચે વરસાદનું ઝાપટું પડી ગયું. જોરદાર ઠંડો પવન ફૂંકાતા કાળઝાળ ગરમીમાં લોકોએ ઠંડક અનુભવી.

બાબરામાં બીજા દિવસે પણ બપોર બાદ સમી સાંજે વરસાદનું વાતાવરણ જામ્યું હતું. કાળા ડિબાંગ વાદળો ઘેરાય જતા વરસાદનું એક ઝાપટું પડી જતા શહેરની બઝારો ભીની થઈ હતી. ઠંડો પવન ફૂંકાતા દિવસ દરમિયાન આકરા તાપ અને ઉકળાટ સહન કરતા લોકોએ ઠંડક અનુભવી હતી.

**આંબરડી**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં હવે ઉનાળાની વિદાય થઈ રહી છે અને ચોમાસાનું આગમન થઈ ગયું. રાજયના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદે તારાજી સર્જયા બાદ ધીમે ધીમે રાજયમાં ચોમાસુ સક્રિય થતું જોવા મળી રહ્યું છે.

અમરેલી જિલ્લાના ગીરકાંઠાના ગ્રામ્ય પંથકોમાં આજે બપોર બાદ વાતાવરણમાં એકાએક પલટો આવતાં વરસાદ તૂટી પડયો હતો. સાવરકુંડલાના આંબરડીમાં પવન સાથે અડધો કલાક સુધી વરસાદ ખાબકી જતા બજારોમાં પાણી વહેતા થયા હતા. વરસાદ પડતાં અસહ્ય ગરમીના ઉકળાટમાંથી લોકોએ રાહત અનુભવી હતી.

આંબરડી સહિત આસપાસના સીમ વિસ્તારમાં ધોધમાર વરસાદ પડયો હતો, તો કૃષ્નગઢ, ખોડીયાણા, બગોયા વિસ્તારોમાં પણ વરસાદ ખાબકી ગયો હતો. ખેડૂતોના જણાવ્યા મુજબ વરસાદ સારો પડયો પરંતુ હજુ સુધી વાવણી લાયક વરસાદ નથી વાવણી માટે હજી સારા વરસાદની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૫૭ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૧૦ | ૧૪૧૫ |
| ૩ | મગફળી | ૯૪૦ | ૧૦૯૦ |
| ૪ | ઘઉં | ૪૬૮ | ૫૨૨ |
| ૫ | મગ | ૧૨૮૦ | ૧૪૫૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૬૦ | ૧૭૦૦ |
| ૭ | તલ કાળા | ૨૧૯૦ | ૨૩૫૦ |
| ૮ | જીરૂ | ૨૮૧૫ | ૩૭૨૫ |

## કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયનાં માર્ગદર્શનતળે અડતાલા, માલવીયા પીપરીયા, અલી ઉદેપુર સહિતનાં ગામોમાં કૃષિ રથનુ આગમન

### બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૭

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તારીખ ૨૯/૫/૨૫થી ૧૨/૬/૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિરથ લાઠી તાલુકાના અડતાળા, માલવીયા પીપરીયા, અલી ઉદેપુર, પીપળવા અને ખાંભા તાલુકાના તાંતણીયા, ગીદરડી, ઘાવડીયા મુકામે પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી, ડો વી.એસ. પરમાર, ડો. એન. એમ. કાછડીયા અને ખેતી અધિકારી કવિતા ગઢીયા અને સુજીત બારિયા તેમજ યંગ પ્રોફેશનલ પારસ ગજેરા દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીની માહિતી તેમજ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં નિવૃત વિસ્તરણ અધિકારી એ. એમ. શેખવા પણ હાજર રહી ખેડૂતોને માર્ગદર્શિત કરે છે. બાગાયત અધિકારી લાડુમોર અને અક્ષય ચૌહાણ દ્વારા બાગાયતની યોજનાનો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ તેમજ ખેડૂતો પણ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભાનાં એસ.ટી. ડેપોની**

બે ધારાસભ્ય હોવા છતાં પણ ખાંભા ગામ એસ.ટી. બસ સ્ટેશન વિકાસની રાહ જોઈ રહ્યું હોય તેમ ૨૫ વર્ષથી બનેલો એસ.ટી. ડેપો ખંઢેર હાલતમાં પડયો છે અને આ એસ.ટી. ડેપોમાં કયારેક બસ આવે છે ને કયારેક જતી રહે છે અને કોઈ મુસાફર આવતા નથી. ત્યારે અગાઉ ગ્રામજનો ધ્વારા એસ.ટી. ડેપો ચાલુ કરવા આંદોલન પણ છેડયું હતું અને ગુજરાત સરકારમાં વિજય રૂપાણી વાહન મંત્રી હતા અને તેમની રૂબરૂ મુલાકાત કરી એસ.ટી. ડેપો શરૂ કરવા રજૂઆત કરી હતી. તેમ છતાં ખાંભાનો એસ.ટી. ડેપો શરૂ કરવામાં આવ્યો ન હતો. આજે પણ આ એસ.ટી. બસ સ્ટેશન જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યું છે.

ગીર કાંઠાની નજીક આવેલ ખાંભા તાલુકા કક્ષાનું ગામ છે પણ ગ્રામજનો છેલ્લા ૨૫ વર્ષથી એસ.ટી. ડેપો ચાલુ કરવા માટે અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆત કરી ચુકયા છે. ત્યારે ખાંભાના જુના બસ સ્ટેન્ડમાં એસ.ટી. બસો ઉભી રહેવાથી કાયમી ટ્રાફિકની સમસ્યા વગેરે રહી છે અને વેપારીઓ પરેશાન બન્યા છે. ત્યારે આ એસ.ટી. ડેપો શરૂ કરવામાં આવે તો ખાંભાના જુના બસ સ્ટેન્ડમાં ટ્રાફિકની સમસ્યાનો કાયમી હલ થઈ જાય એમ છે અને એસ.ટી. ડેપો શરૂ થાય તો ખાંભાને લાંબા રૂટની સુરત, અમદાવાદ, મુંબઈ જવાની સુવિધા ઉભી થાય તેમ છે અને પ્રાઈવેટ વાહનોની ઉઘાડી લૂંટથી છુટકારો થાય એમ છે. પણ એસ.ટી.નું આ નિંભર તંત્રના પેટનું પાણી હલતું નથી.

ખાંભામાં ૨૫ વર્ષ પહેલા દોઢ કરોડના ખર્ચે બનાવેલ એસ.ટી. ડેપો આજે પણ ધુળ ખાઈ રહ્યો છે અને એસ.ટી. બસ સ્ટેશન હોય કે વર્કશોપ ખંઢેર બન્યું છે અને આવારા તત્વનો અડો બન્યુ છે. ત્યારે ચૂંટણી આવે ત્યારે નેતાઓ ડેપો ચાલુ કરીશું અને અનેક ચૂંટણી જતી રહે બાદ કોઈ એસ.ટી. બસ સ્ટેશન સામે જોતું નથી અને બે બે ધારાસભ્ય હોવા છતાં ખાંભાનો એસ.ટી. ડેપો શરૂ કરાવી શકાતો નથી. ત્યારે સ્થાનિક ગ્રામજનો ધ્વારા સરકાર પાસે વહેલીતકે એસ.ટી. ડેપો શરૂ કરવા માંગ કરી રહ્યા છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટો/સમાચાર મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૯૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૧ | ૧૭૫૧ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૩૭૬ |
| ૫ | જુવાર | ૩૫૦ | ૮૦૦ |
| ૬ | મગ | ૧૩૮૧ | ૧૪૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |

# સાવરકુંડલા ખાતે પાલિકા દ્વારા ''વૃક્ષારોપણ'' કરવામાં આવ્યુ



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે 'Ending Plastic Polution Globally' થીમ હેઠળ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા પર્યાવરણ સુરક્ષા અને જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપ પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, સદસ્યો, સ્થાનિક આગેવાનો, ચીફ ઓફિસર, સ્ટાફ અને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સખી મંડળોની બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. આજના દિવસની સૌથી મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓમાંની એક વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. પર્યાવરણનું સંતુલન જાળવવા અને હરિયાળી વધારવા માટે વૃક્ષારોપણ અનિવાર્ય છે. આ કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત સૌને વૃક્ષોનું મહત્વ સમજાવીને વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા પ્રેરણા આપવામાં આવી હતી. આશા વ્યક્ત કરવામાં આવી હતી કે આ કાર્યક્રમ સાવરકુંડલા અને આસપાસના વિસ્તારમાં પર્યાવરણ પ્રત્યે નવી ચેતના જગાવશે અને દરેક નાગરિક પ્રકૃતિના સંરક્ષણમાં પોતાનો ફાળો આપવા માટે પ્રેરિત થશે. કાર્યક્રમ દરમિયાન સખી મંડળોની બહેનોને પર્યાવરણ સુરક્ષાના કાર્યોમાં તેમની સક્રિય ભાગીદારી બદલ પ્રોત્સાહન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, 'Ending Plastic Polution Globally' થીમ અંતર્ગત પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અને તેનાથી થતી પર્યાવરણીય અસરો વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. પ્લાસ્ટિકના નિકાલની યોગ્ય રીતો અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાવરકુંડલ નગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમ પર્યાવરણ સંરક્ષણ માટે સામુહિક પ્રયાસોના મહવને ઉજાગર કરે છે અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો યોજી પર્યાવરણ જાગૃતિ વધારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.




## વર્ષ ૨૦૦૦માં દોઢ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ એસ.ટી. ડેપો ઉપયોગી જ ના બન્યો

# હદ થઈ : ખાંભાનાં એસ.ટી. ડેપોની ખંડેર હાલતનું સિલ્વર જયુબીલી વર્ષ

**બબ્બે વિધાનસભા વિસ્તાર અને બબ્બે ધારાસભ્ય ધરાવતા વિસ્તારને ઘોર અન્યાય**

**વિકાસની ગુલબાંગો ફેંકતા રાજકીય આગેવાનોએ એસ.ટી. ડેપોની મુલાકાત લેવી જરૂરી**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં રૂપિયા દોઢ કરોડનાં ખર્ચ બાદ પણ પરિણામ શૂન્ય**

**સમગ્ર પંથકનાં મુસાફરવર્ગની સમસ્યા દૂર કરવા કોઈ આગળ આવે છે કે નહી તે જોવું રહ્યું**



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૭

ખાંભાનું એસ.ટી. બસ સ્ટેશન ૨૫ વર્ષથી શોભાના ગાંઠીયા સમાન બની ગયું. કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ બસ સ્ટેશન ધુળખાઈને જર્જરિત બન્યું.

અમરેલી જિલ્લાના ગીરકાંઠાનાં ખાંભા શહેરમાં ૨૫ વર્ષ પહેલા દોઢ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ એસ.ટી. ડેપો શોભાના ગાંઠીયા સમાન બન્યો છે. આજે પણ આ એસ.ટી. ડેપો ધુળખાઈ રહ્યો છે અને જર્જરિત બન્યો છે. ખાંભા ગ્રામજનોએ એસ.ટી. ડેપો શરૂ કરવા અનેકવાર રજૂઆત અને આંદોલન પણ કર્યા છે તેમ છતાં સરકાર ધ્વારા આ એસ.ટી. ડેપો શરૂ કરવામાં નથી આવતો. ત્યારે ખાંભા ૫૭ ગામનો તાલુકો છે ત્યારે ૨૦૦૦નાં વર્ષમાં આ એસ.ટી. બસ સ્ટેશનનું નિર્માણ થયું હતું ત્યારથી ૨૫ વર્ષ એટલે આજદિન સુધી આ બસ સ્ટેશનનું ઉદઘાટન કરવામાં આવ્યુ નથી અને એસ.ટી. બસ સ્ટેશન બંધ હોવાના કારણે ખાંભાના જુના બસ સ્ટેન્ડમાં ટ્રાફિકની સમસ્યાઓ કાયમી બની છે તેમજ એસ.ટી. બસ સ્ટેશન શરૂ કરવામાં આવે તો ખાંભા પંથકનાં ગ્રામજનોને સુરત, અમદાવાદ, મુંબઈ સહિત લાંબા રૂટની બસ સુવિધા પણ મળી શકે તેમ છે. બે વિધાનસભામાં વહેંચાયેલો છે અને બે

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસ ટીમે રેઈડ પાડી જથ્થો ઝડપી લીધો

# મોટી કુંકાવાવ ગામની સીમમાં આવેલ વાડીમાંથી વિદેશી દારૂની ૬૬ બોટલ ઝડપાઈ

**આટકોટનાં સાણથલી ગામેથી દારૂ આવ્યાનું ખુલ્યું**

અમરેલી, તા. ૭

મોટી કુંકાવાવ ગામે આવેલ તાલુકા પંચાયત પાછળ રહેતા આ કામના આરોપી યોગીરાજ ભીખુભાઈ જેબલીયાએ તા. ૬ના રોજ રાત્રે ૯ કલાકે મોટી કુંકાવાવ ગામની સીમમાં આવેલ પોતાના કબ્જા ભોગવટાની વાડીમાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ પૈકી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૬ કિંમત રૂા. ૨૧૭૮ તથા બીજી એક બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૬ કિંમત રૂા. ૨૧૭૮ તથા વ્હિસ્કી ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૨૮ કિંમત

અનુસંધાન પાના ૬ ઉપર













### સાવરકુંડલામાં સતત બીજા દિવસે બીજો કેસ

# અમરેલી જિલ્લામાં વધુ ૧ કેસ કોરોનાનો કેસ સામે આવ્યો

**આરોગ્ય વિભાગે સારવાર શરૂ કરી**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લામાં કોરોના કેસ દિવસે દિવસે વધી રહયા છે. ત્યારે અમરેલી જિલ્લામાં આજે વધુ એક કોરોનાનો બીજો કેસ મળી આવતાં આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામેલ છે.

સાવરકુંડલા ગામે આવેલ ખાદી કાર્યાલય નજીક રહેતા એક ૨૭ વર્ષિય મહિલાને કોરોનાના લક્ષણો જોવા મળતાં તેમની તાત્કાલિક લેબોરેટરી તથા અન્ય મેડીકલ પરીક્ષણ કરવામાં આવતાં તેમનો રીપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યાનું આરોગ્ય વિભાગે જણાવેલ છે. જયારે મહિલાને તાત્કાલિક ધોરણે સારવારમાં ખસેડાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાવરકુંડલા આજ વિસ્તારમાંથી એક ૨૯ વર્ષિય યુવકનો કોરોનાનો રીપોર્ટ પોઝિટિવ આવેલ હતો.




*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)